# સંસ્કૃત વાક્યરચના કૃદન્ત સંદર્ભે

- શબ્દના પ્રકાર - ચાર
- 

- નામ - (પદાર્થ કે વ્યક્તિવાચક)
- આખ્યાત- (ક્રિયાવાચક ધાતુ)
- ઉપસર્ગ -
- અવ્યય- (નિપાત)

# નામના પ્રકાર-છ

- નામ- સજીવ વ્યક્તિઓ અને નિર્જીવ પદાર્થોના વાચક શબ્દો.
- સર્વનામ- तद्,यद्, एतद्, किम्, युष्मद्, अस्मद्, વગેરે.
- કૃદન્ત- ક્રિયાપદ ઉપરથી જે નામ બને તે. नयति सः> नायकः,नेता।
- તદ્ધિતાન્ત – નામ ઉપરથી જે નામ બને તે.कुन्ता कौन्तेय, રાજા પરથી રાજકીય.
- સમાસ- બે કે અધિક પદને જોડીને,એક નવાપદની રચના તે. रामलक्ष्मणौ > रामः च लक्ष्मणः च ।
- સંખ્યા- एक, त्रि, पञ्च વગેરે.(ઉપસર્ગ અને અવ્યયનો સમાવેશ થાય છે.

# પારિભાષિક શબ્દાવલી

સમાસ પ્રક્રિયાને સમજતા પહેલા કેટલાક સામાસિ શબ્દો સમજી લઇશું.

- વિગ્રહ વાક્ય-**राज्ञः पुरुषः।**(રાજાનો માણસ) આવાં બે અલગ અલગ વિભક્ત્યન્ત પદોને કહે છે.
- અને તેનાથી જે નવો શબ્દ બને છે. તેને '**સમાસ**' કહે છે. જેમકે,**राजपुरुषः**
- પૂર્વપદ- બે પદો જોડીને જે એક નવો શબ્દ બનાવાય છે જેમકે **राजपुरुषः।** તેમાંના પહેલા અંશ (राज) ને કહે છે.
- ઉત્તરપદ- બે પદો જોડીને જે એક નવો શબ્દ બનાવાય છે જેમકે **राजपुरुषः।** તેમાંના બીજા અંશ (पुरुष) ને કહે છે.

# સમાસના પ્રકાર

- સમાસ
  - અલુક સમાસ
  - લુકસમાસ
    - નિત્યસમાસ
    - અનિત્યસમાસ
      - અવ્યયીભાવ સમાસ
        - નિત્ય
        - અનિત્ય
      - તત્પુરુષ સમાસ
      - બહુવ્રીહિ સમાસ
      - દ્વન્દ્વ સમાસ
        - ઈતરેતર દ્વન્દ્વ
        - સમાહાર દ્વન્દ્વ
        - એકશેષ દ્વન્દ્વ

# અલુક્ સમાસ તથા લુક્ સમાસ

વિગ્રહ વાક્યમાં વપરાતા વિભક્તિ પ્રત્યયનો લોપ ન થાય ત્યારે અલુકસમાસ બને છે.

- युधि स्थिरः इति युधिष्ठिरः। યુદ્ધમાં જે સ્થિર રહે છે તે યુધિષ્ઠિર.યુધ્ શબ્દને સપ્તમી વિભક્તિનો इ પ્રત્યય લાગવાથી યુધિ એવું સપ્તમ્યન્તપદ બન્યું છે.

લુક્ સમાસ -

સમાસ બનવા માટે વિગ્રહવાક્યમાંના પદોને લાગેલી જુદી જુદી વિભકતિઓમાં પ્રત્યયનો લોપ કરવામાં આવે તેને લુક સમાસ કહે છે.

राज्ञः पुरुषः - राजपुरुषः

# સ્વપદવિગ્રહ અને અસ્વપદવિગ્રહ

- સ્વપદવિગ્રહ-
- राजपुरुषः। એવા સમાસિક પદમાં વપરાયેલા શબ્દો દ્વારા જે જ્યારે વિગ્રહ કરવામાં આવે, જેમકે-राज्ञः पुरुषः राजपुरूषः

- અસ્વપદવિગ્રહ-
- -अनुरूपम। સમાસમાં વપરાયેલા શબ્દો સિવાયના શબ્દો વાપેરીને જો વિગ્રહ દર્શાવામાં આવે रूपस्य योग्यम् इति। अनुरुपम्

# अथः प्रयोगविधिः

- षोढा समासः संक्षेपाद्, अष्टाविंशतिधा पुनः।
- नित्यानित्यत्वयोगेन,लुक् अलुक्त्वेन च द्विधा।

- संक्षेप करीने समास छ प्रकारना होय छे., अने विस्तारथी अठ्ठयावीस प्रकारना पण कही शकाय वळी नित्य अनित्य अने लुक् अलुक एवा बे प्रकार गणी शकाय.

# समासभेदाः

- तत्राष्टधा तत्पुरूषः,सप्तधा कर्मधारयः।
- सप्तधा च बहुव्रीहि,र्द्वगुराभाषितो द्विधा।।

- તત્પુરૂષ સમાસના આઠ પ્રકાર છે, કર્મધારાય સમાસના સાત પેટાપ્રકાર છે,બહુવ્રીહિના સાત પેટાપ્રકાર છે, અને દ્વિગુ સમાસ પણ બે પ્રકારનો કહેવાયો છે.

- द्वन्द्वोऽपि द्विविधो ज्ञेयोऽव्ययीभावो द्विधा मतः।
    - तेषां पुनः समासानां प्राधान्यं स्यात् चतुर्विधम्।।
- દ્વન્દ્વ સમાસ પણ બે પ્રકારનો છે,અને અવ્યયીભાવ સમાસ પણ બે પ્રકારનો જાણવો. આ સમાસોમાં(વિગ્રહ વાક્યની દૃષ્ટિએ) ચાર પ્રકારોનું પ્રધાન્ય હોય છે.

# સમાસ વિગ્રહ-વિશેષતા

- चकारबहुलो द्‌वन्द्‌वः, स चासौ कर्मधारयः।
- यस्य येषां बहुव्रीहिः, शेषस्तत्पुरूषः स्मृतः॥

દ્વન્દ્વ સમાસમાં ચ કારનું બાહુલ્ય હોય છે, કર્મધારય સમાસમાંસ ચ અસૌ એવી રચના જોવા મળે છે. તથા બહુવ્રીહિ સમાસમાં यस्य येषां જેવા શબ્દ વપરાય છે. આ સિવાયના વિગ્રહ વાક્ય તત્પુરૂષ **જાણવા.**

# સમાસ વિગ્રહ-વિશેષતા

- चकारबहुलो द्वन्द्वः, स चासौ कर्मधारयः।
- यस्य येषां बहुव्रीहिः, शेषस्तत्पुरूषः स्मृतः॥

દ્વન્દ્વ સમાસમાં च કારનું બાહુલ્ય હોય છે, કર્મધારય સમાસમાંસ च असौ એવી રચના જોવા મળે છે. તથા બહુવ્રીહિ સમાસમાં यस्य येषां જેવા શબ્દ વપરાય છે. આ સિવાયના વિગ્રહ વાક્ય તત્પુરૂષ **જાણવા.**

# प्रयोगाः पञ्चविधाः

- कर्तृकर्म क्रियायुक्तः प्रयोगः स्यात्सकर्मकः।
- अकर्मकः कर्मशून्यः कर्मद्‌वन्द्‌वो द्‌विकर्मः।।

# अव्ययीभावः

- पूर्वपदार्थप्रधानः अव्ययीभावः।
- જેમાં પૂર્વપદના અર્થનું પ્રાધાન્ય જણાય, અવ્યયીભાવ.
- उपकुम्भम्
- कुम्भस्य समीपम्

# तत्पुरूषः

- उत्तरपदार्थप्रधानस्तत्पुरूषः।
- ઉત્તરપદના અર્થનું પ્રધાન્ય જેમાં હોય તે તત્પુરૂષ સમાસ.
- अहं गुरुपुत्रम् नमामि। गुरुपुत्रम्
- હું_ ગુરુના પુત્રને નમું છું.

# बहुव्रीहि समास

- अन्यपदार्थप्रधानो बहुव्रीहिः।
- જેમાં કોઇક અન્ય પદના અર્થનું જ પ્રાધાન્ય જણાય, તેને બહુવ્રીહિ સમાસ જાણવો.
- पीताम्बरं
- पीतम् अम्बरम् यस्य सः

# द्वन्द्व

- उभयपदार्थप्रधान द्वन्द्व
- બન્ને પદના અર્થનું પ્રધાન્ય હોય તે દ્વન્દ્વ સમાસ

# तत्पुरूषस्य प्रकारः

- प्रथमा –
- अर्ध पिप्पल्याः अर्धपिप्पली।
- અડધો પિપળીનો (ભાગ) તેને अर्धपिप्पली।

- कायस्य इति पूर्वकायः।
- આગળનો શરીરનો (ભાગ) તેને पूर्वकायः